13/૯૬

તાત્કાલિક

ક્રમાંક: અપગ/૧૦૨૦૧૬/૩૩૮૩૦૫/છ-૧
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૦૧/૧૦/૨૦૧૬.

પ્રતિ,
નિયામકશ્રી,
સમાજ સુરક્ષા ખાતુ,
બ્લોક નં-૧૬,ડો. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

**વિષય - સી.સી.સી પરીક્ષા માટે અજમાયશી સમય માટે ડૉ બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટીને પરીક્ષા કેન્દ્ર તરીકે માન્ય ગણવા બાબત.**

**સંદર્ભ - આપની કચેરીનો તા.૩૧/૫/૨૦૧૬નો પત્ર ક્રમાંક સસુખા/અપગ/૨૦૧૬-૧૭/૧૩૨.**

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે આજ્ઞાનુસાર જણાવવાનું કે સામાન્ય વહીવટ વિભાગના તા. ૩૦/૯/૨૦૦૬ના જાહેરનામાથી સરકારી કર્મચારી/અધિકારીઓને બઢતી/ઉચ્ચતર પગાર ધોરણ માટે પાસ કરવાની થતી કોમ્પ્યુટર કૌશલ્યની સી.સી.સી/સી.સી.સી + પરીક્ષાના તાલીમ અને પરીક્ષા નિયમો ઘડવામાં આવેલ છે. આ ઠરાવ અમલમાં આવ્યા બાદ દરેક અધિકારી/કર્મચારીએ સરકાર દ્વારા માન્ય કરવામાં આવેલ પરીક્ષા કેન્દ્રો પરથી નિયત કરાયેલ પરીક્ષા પાસ કરવાની રહે છે. આ પરીક્ષા પાસ કરવા સંદર્ભે સામાન્ય વહીવટ વિભાગ દ્વારા તા. ૨/૧/૨૦૦૯ અને તા. ૨૨/૬/૨૦૧૦ના ઠરાવથી ડૉ બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટીના કોમ્પ્યુટર કૌશલ્યની તાલીમ અને પરીક્ષા કેન્દ્રોને માન્યતા આપવામાં આવેલ છે. આથી તે પહેલાં ડો બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટીના કેન્દ્રોમાંથી સી.સી.સી પરીક્ષા પાસ કરેલ હોય તો તે માન્ય ન ગણાય. પરંતુ ઉક્ત ઠરાવ અમલમાં આવ્યા બાદ તેમાં નિર્દિષ્ટ પરીક્ષા કેન્દ્રો પરથી તા. ૩૦/૯/૨૦૦૬ના જાહેરનામા/ઠરાવથી નિયત કરાયેલ અભ્યાસક્રમ/કાર્યપદ્ધતિ મુજબ સીસીસી/સીસીસી+ની પરીક્ષા પાસ કરેલ હોય તો તે પ્રમાણપત્રને બઢતી /ઉચ્ચતર પગાર ધોરણ/પસંદગી માટે માન્ય ગણવાના રહે છે. અને

PH

૬૪૨
૨૭/૧૦

૨૬/૧૦

-2-

૨૧૯૦

તે અંગેની ખરાઇ આપની કક્ષાએથી કરીને આ પ્રકારના કેસોમાં આપની સક્ષમતામાં નિર્ણય લેવાની કાર્યવાહી કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(સહી)

(મહેન્દ્ર ચૌહાણ)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

O/C
/10/16

**નકલ રવાના પ્રતિ :**

- સેક્શન અધિકારીશ્રી, છ– શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
- સિલેક્ટ ફાઇલ.

નં અપત્ર/૧૬-૨૭/૨૩૬૧૮

(સહી)

નિયામક,સમાજ સુરક્ષા ખાતાની કચેરી,
ગુજરાત રાજ્ય,ડૉ.જીવરાજ મહેતા ભવન,
બ્લોક-૧૬, જુના સચિવાલય, ગાંધીનગર
તા ૧૫/૧૨/૧૬

પ્રતિ

(૧) વિકલાંગ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત ખાતા હસ્તકના ૧૦૦% ગ્રાન્ટ મેળવતી સર્વે સ્વૈ. સંસ્થાઓના માનદમંત્રીશ્રીઓ

(૨) સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી,

(૩) વિભાગીય અધિકારીશ્રી, ડી.પી. સેલ શાખા

(૪) વિભાગીય અધિકારીશ્રી, ઓડિટ શાખા

(સહી)

નાયબ નિયામક
સમાજ સુરક્ષા ખાતું,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર